# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-04-2026 Day : Tuesday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## ઇન્ડિયા - ન્યુઝીલેન્ડ : મુક્ત વ્યાપાર કરાર :

ભારત અને ન્યુઝીલેન્ડે ગઈકાલે નવી દિલ્હીમાં મુક્ત વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા. હસ્તાક્ષર સમારોહની અધ્યક્ષતા વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ અને ન્યુઝીલેન્ડના વેપાર અને રોકાણ મંત્રી ટોડ મેકલેએ કરી હતી. ગયા વર્ષે ડિસેમ્બરમાં અંતિમ સ્વરૂપ પામેલા આ કરાર, તમામ ટેરિફ લાઇનમાં ભારતીય નિકાસને 100% કર -મુક્ત કરે છે. આ પ્રસંગે, શ્રી ગોયલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંદેશ વાંચ્યો.

શ્રી મોદીએ જણાવ્યું હતું કે, ન્યુઝીલેન્ડ સાથેનો કરાર બે જીવંત લોકશાહી વચ્ચે આર્થિક ભાગીદારી, મૂલ્યો, વિશ્વાસ અને સહિયારી મહત્વાકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે. તેમણે કહ્યું કે, મુક્ત વેપાર કરાર ખેડૂતો, કારીગરો, યુવાનો, ઉદ્યોગસાહસિકો અને નાના અને મધ્યમ ઉદ્યોગો માટે નવી તકો ઉભી કરે છે.

------------------------------------------------------------------------------------------

## દેશમાં ખાતરની ઉપલબ્ધતા સ્થિર :

સરકારે પુનરોચ્ચાર કર્યો છે કે, દેશમાં ખાતરોની ઉપલબ્ધતા સ્થિર છે અને પુરવઠો સતત માંગ કરતાં વધુ છે. પશ્ચિમ એશિયાના ઘટનાક્રમ પર આંતર-મંત્રીસ્તરીય વાર્તામાં, ખાતર વિભાગના અધિક સચિવ અપર્ણા શર્માએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી કોઈ અછત નોંધાઈ નથી.

તેમણે જણાવ્યું હતું કે, યુરિયાની ઉપલબ્ધતા 71.58 લાખ મેટ્રિક ટન છે, જ્યારે જરૂરિયાત 18.17 લાખ મેટ્રિક ટન છે. DAP ની ઉપલબ્ધતા 22.35 લાખ મેટ્રિક ટન છે, જ્યારે જરૂરિયાત 5.90 લાખ મેટ્રિક ટન છે.

-----------------------------------------------------------------------------------------------

## રાજ્યમાં આજે મત ગણતરી :

રાજ્યભરમાં આજે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી માટે યોજાનારી મતગણતરી માટે ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ તૈયારી કરવામાં આવી છે. રાજ્યભરના મતદાન ગણતરી કેન્દ્રો પર આજે સવારે નવ વાગ્યાથી ગણતરી હાથ ધરાશે. રાજ્યની 15 મહાનગરપાલિકા, 84 નગરપાલિકા, 34 જિલ્લા પંચાયત, 260 તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણી તથા 11 નગરપાલિકાની 13 પૈકીની 9 બેઠક પર યોજાયેલી પેટા-ચૂંટણી માટે આજે રાજ્યભરમાં મતગણતરી કરાશે.

આજે સવારે નવ વાગ્યાથી રાજ્યના 382 મતગણતરી સ્થળ પર ગણતરી માટે 838 હૉલમાં છ હજાર 991 ટૅબલ ગોઠવવામાં આવશે. જ્યારે 28 હજાર 240 જેટલા કર્મચારીઓ મતગણતરીની કામગીરીમાં જોડાશે. દરમિયાન, મતગણતરી સ્થળે 33 હજાર 750 પોલીસકર્મીઓ તેમજ વર્ગ ચારના 10 હજાર 257 જેટલા કર્મચારીઓ તહેનાત રહેશે.

-----------------------------------------------------------------------------------------------

## જીલ્લામાં આજે મત ગણતરી :

કચ્છ જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની યોજાયેલી ચુંટણીબાદ આજે મતગણતરી યોજાશે. તાલુકા અને જિલ્લા પંચાયતની ચુંટણી માટે કુલ નોંધાયેલા 2,09,105 મતદાર પૈકી 1,43,222 લોકોએ મતદાન કર્યું હતું.

તંત્ર દ્વારા ભુજની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે મત ગણતરીની વ્યવસ્થા કરાઈ છે. કુલ 293 બુથના મતોની ગણતરી માટે 150થી વધુ કર્મચારીઓનો સ્ટાફ કાર્યરત રહેશે. 14 જેટલા સ્થળે સવારે 9 વાગ્યાથી મત ગણતરીની કામગીરી શરુ થશે.

મતગણતરી કેન્દ્ર ખાતે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે, ટ્રાફિકની સમસ્યા ન સર્જાય અને સામાન્ય નાગરિકોને મુશ્કેલી ન પડે તે હેતુથી જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ટ્રાફિક નિયમન અને ડાયવર્ઝન અંગેનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે.

---

## <u>અમરનાથ જવા ઈચ્છુક યાત્રાળુઓ માટે હેલ્થ સર્ટીફીકેટની સુવિધા :</u>

અમરનાથ યાત્રા માટે જવા ઈચ્છતા યાત્રાળુઓ માટે હેલ્થ સર્ટિફિકેટ મેળવવા માટે અદાણી સંચાલિત ગેઈમ્સ જી.કે. જનરલ હોસ્પિટલ દ્વારા ચોક્કસ માર્ગદર્શિકા જાહેર કરાઈ છે.

જે મુજબ; અમરનાથ યાત્રા માટે ઓનલાઈન વેબસાઈટ શ્રીઅમરનાથજી શ્રાઈન બોર્ડ ઉપરથી ફરજિયાત હેલ્થ સર્ટિફિકેટની પ્રિન્ટ સાથે યાત્રાળુએ હોસ્પિટલમાં આવવું. આ ઉપરાંત, યાત્રાળુએ આધારકાર્ડ સાથે રાખવાનું રહેશે. આ મુજબનું પ્રમાણપત્ર મેળવવાની સુવિધા માંડવી તેમજ ગાંધીધામ સ્થિત ગવર્નમેન્ટ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે, તેવું યાદીમાં જણાવાયું છે.

---

## <u>હવામાન :</u>

હવામાન વિભાગ દ્વારા આગામી ચોથી મે- એ સવારે 8.30 વાગ્યા સુધી ઑરેન્જ અલર્ટ અને એક દિવસ માટે યલો અલર્ટ અપાયું છે. આગામી સાત દિવસ મહત્તમ તાપમાન 43થી 44 ડિગ્રી સેલ્સિયસ રહેવાનું અનુમાન છે.

આ સાથે જ ગરમીથી બચવા પુષ્કળ પ્રમાણમાં પાણી, લીંબું શરબદ, છાસ, નારિયેળ પાણી અથવા અન્ય પ્રવાહીનું સેવન કરવા તેમજ તાજા ફળો અને શાકભાજી ખાવાની સલાહ અપાઈ છે.

દરમ્યાન જીલ્લામાં છેલ્લાં ત્રણેક દિવસથી શરૂ થયેલો આકરા તાપ અને તીવ્ર ગરમીનો દોર યથાવત્ રહ્યો છે. જીલ્લા મથક ભુજમાં સતત બીજા દિવસે મહત્તમ ઉષ્ણતામાન 43.8 ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં અમદાવાદ પછી ભુજ બીજા નંબરનું ગરમ મથક બન્યું હતું.

ફૂંકાયેલા ઊની પવનોએ લોકોની લૂનો અનુભવ કરાવ્યો હતો. કંડલા હવાઈ મથકે પારો નીચો ઊતરીને 43.5 ડિગ્રીએ પહોંચવા છતાં તાપ અને લૂ વર્ષામાંથી રાહત મળી નહોતી. જિલ્લામાં લઘુતમ પારો પણ 24થી 26 ડિગ્રી જેટલો ઊંચો નોંધાતાં રાત્રે પણ વાતાવરણમાં ઉકળાટ અનુભવાયો હતો.

---